❖ **કસોટી દ્વારા ચકાસણી**

- વર્ગખંડમાં બાળકોની દૈનિક વર્તણૂકનું નિરીક્ષણ કરો. ગેરશિસ્તના કયા કયા રૂપો જોવા મળે છે. (ઉદાહરણ : અવાજ કરવો, ધ્યાન ન આપવું, ઝઘડો કરવો.)
- કયા પ્રસંગે વિદ્યાર્થીઓ વધુ શિસ્તબદ્ધ રહે છે તે પણ નોંધો.
- શિક્ષકો અને વાલીઓ માટે અલગ પ્રશ્નાવલિ બનાવી શકો.
- શાળામા થયેલી શિસ્ત સંબંધિત નોધો (ડાયરી, વર્ગ શિક્ષકની ટિપ્પણીઓ, પ્રગતિ પત્રક) નો અભ્યાસ.

❖ **તારણો :**

૧. પરિવાર-માતા પિતાની સંસ્કારશીલતા અને માર્ગદર્શન શિસ્તની મૂળભુત કડી છે.

૨. શાળા-શિક્ષકનું આદર્શ વર્તન, નિયમિતતા અને રસપ્રદ શિક્ષણ વિદ્યાર્થીઓમાં શિસ્ત વિકસાવે છે.

૩. વ્યકિતગત - આત્મનિયંત્રણ, સમયપત્રક અને સકારાત્મક અભ્યાસથી વિદ્યાર્થી પોતે પણ શિસ્ત શીખી શકે છે.

❖ **અવલોકન :**

૧. વિદ્યાર્થીમાં શિસ્ત લાવવી એટલે તેને ભયભીત કરવો નહી પરંતુ તેને જવાબદાર, સમયપાલક અને સદાચારથી ભરપૂર બનાવવો.


૨. વારંવાર નિયમભંગ થાય તો યોગ્ય અને ન્યાયસંગત દંડ આપવો.

૩. શાળાની અને ઘરની સંયુકત કોશિશથી સુધારવાની તક મળે છે.

૪. વિદ્યાર્થીઓને ચર્ચામાં સામેલ કરવાથી તેઓ વધુ સારી રીતે સમજશે.

---

**પ્રયોગ એ સફળતાનું પ્રથમ પગથિયું છે. અને ક્રિયાત્મક સંશોધન એ તેનું માર્ગદર્શન છે.**




**ક્રિયાત્મક સંશોધન એ શિક્ષકને સંશોધક અને સંશોધકને શિક્ષક બનાવે છે.**